सत्यमेव जयते
ગુજરાત સરકાર

# Directorate of Pension and Provident Fund

## પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી

(નાણા વિભાગ, ગુજરાત રાજ્ય)

બ્લોક-૧૮, ડો.જીવરાજ મહેતા ભવન,સેકટર-૧૦/બી,ગાંધીનગર.


G20

ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

*****************************************************************************

ક્રમાંક: ડીપીપી/NPS/ 1797 તા. ૨૮/03/૨૦૨૪

પ્રતિ,

ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી,...........................(તમામ),

હિસાબી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.................... (તમામ).

વિષય: NPSના કપાતનું SCHEDULE જનરેટ કરવા બાબત.

સંદર્ભ : (૧) ગુજરાત સરકારના નાણાં વિભાગના તા.૧૮/03/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક-નપન-૨003 જીઓઆઈ-૧૦પી થી નવી વર્ધિત પેન્શન યોજના તા.૦૧/૦૪/૨૦૦૫થી અમલમાં મુકવામાં આવેલ છે.

(૨) નાણાં વિભાગના તા.૨૯.૧૦.૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧)

(૩) નાણાં વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧)

(૪) નાણાં વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત (૩) ના ઠરાવ અન્વયે નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત કર્મચારીના ફાળા તેમજ સરકારશ્રીના ફાળામાં ફેરફાર કરવામાં આવેલ છે. તથા સંદર્ભ (૪) થી તા.૦૧/૭/૨૦૨૩ થી રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોને મળવા પાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં ૪૨% થી ૪૬ % (૪% ટકાનો વધારો) કરવા ઠરાવવામાં આવેલ છે.

જે અન્વયે જણાવવાનું કે, ફેબ્રુઆરી-૨૦૨૪ અને તે પહેલાના પગાર ભથ્થા કે મોંઘવારી ભથ્થાના તફાવતની રકમમાંથી NPSની કપાતનું SCHEDULE જનરેટ કરતી વખતે નીચે મુજબની કાર્ય પધ્ધતી અનુસરવાની રહેશે.

- .પગાર ભથ્થા કે મોંઘવારી ભથ્થાના તફાવત (DA Difference)ની ચુકવવાપાત્ર રકમ ફેબ્રુઆરી-૨૦૨૪ અને તે પહેલાની હોય તો IFMS માં DDO login કરતાં **Worklist > DPPF > NPS SCHEDULE** માં Contribution Type **"Arrear"** સીલેક્ટ કરીને NPSની કપાતનું SCHEDULE બનાવવાનું રહેશે.

- જો કોઇ કચેરીમાં કોઇ કર્મચારીનું ફેબ્રુઆરી-૨૦૨૪ અને તે પહેલાના રેગ્યુલર પગારના બીલો બાકી હોય તેવા કિસ્સામાં પણ Contribution Type **"Arrear"** સીલેક્ટ કરીને જ NPSની કપાતનું SCHEDULE બનાવવાનું રહેશે.
- કર્મચારી દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૪ અને તે પહેલાના સમયગાળાની NPSની કપાત માટે જે દરનો વિકલ્પ પસંદ કરેલ હતો તે વિકલ્પ મુજબના દરે જ કપાત કરવાની રહેશે.
- નાણા વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના ઠરાવ મુજબ કર્મચારીઓ માર્ચ-૨૦૨૪ના પગારથી ૧૦% NPS ફાળા સામે સરકારશ્રીનો ૧૪% ફાળો જમા કરાવવા ઠરાવવામાં આવેલ છે. જે ધ્યાને લેતા ફેબ્રુઆરી-૨૦૨૪ અને તે પહેલાના પગાર ભથ્થા કે મોંઘવારી ભથ્થા (DA)ના કોઇપણ પ્રકારના બિલ પરત્વે NPS SCHEDULE જનરેટ કરતી વખતે જે માસનું એરીયર્સ બિલ હોય તેજ માસ સીલેક્ટ કરવાનો રહેશે, ફેબ્રુઆરી-૨૦૨૪ અને તે પહેલાના બિલ માટે NPSની કપાતનો મહિનો માહે માર્ચ-૨૦૨૪ હોવો જોઇએ નહી, જેની ખાસ તકેદારી "ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી"એ રાખવાની રહેશે.

આપનો વિશ્વાસુ

S. R. [signature]

નાયબ નિયામક

(NPS)

**નકલ રવાના તથા આપશ્રીના જિલ્લાના તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને આ પત્રની નકલ પાઠવવા વિનંતી. :-**

૧. પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબની કચેરી,

૨. શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર/રાજકોટ/વડોદરા/સુરત.

૩. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી,..........................................(તમામ.)